મા એટલે મા - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હીરાબાના શતાયુ પ્રવેશ પ્રસંગે હીરાબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી... પદ, પ્રતિષ્ઠા અને પૈસા જે હોય તે પરંતુ મા આગળ સમર્પિતતાનો ભાવ પ્રગટે છે... પ્રધાનમંત્રીએ પૂજ્ય હીરાબાના ચરણ પખાળ્યા અને ચરણ સ્પર્શ કર્યાની તસવીર નવી પેઢી માટે અને ભારતીય સમાજની સંસ્કારિતા માટે ખૂબ જ પ્રેરક અને પ્રોત્સાહક બની રહેશે... માના જન્મદિવસે મોં મીઠું કરાવી પુષ્પહાર અર્પણ કર્યા હતા... શાલ ઓઢાડી તેમના શતાયુ પ્રવેશને વધાવ્યો હતો...

જિલ્લા પંચાયતમાં પુનઃ એકવાર ચેમ્બરનો વિવાદ ઉભરી આવ્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ચેમ્બરોનો ફરી વધુ એક વખત વિવાદ ઉભો થશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

જિલ્લા પંચાયતમાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પી.આર. પટેલ હાલ સરકારમાં પ્રતિ નિયુક્તી પર હોવાથી તેમની ચેમ્બરમાં તા.વિ. અધિકારી વ. ચીટનીસ સુશ્રી વીણાબેન પટેલ બેસતા હતા.

હવે જિલ્લાને નવા એ.ડી.એચ.ઓ. મળી ગયા છે અને તેઓ આગામી સપ્તાહમાં તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે એટલે તા.વિ.અ. વ ચીટનીસને તેમની ચેમ્બર ખાલી કરવાની થશે. હવે તેઓ ક્યાં બેસશે તે હજુ નક્કી નથી કરાયું. જિલ્લા પંચાયતમાં અધિકારીઓને બેસવા માટે પુરતી જગ્યા પણ ફાળવવા માટે તંત્રના અધિકારીઓ રસ દાખવી રહ્યા નથી એટલુ જ નહિ થાગડ થીગડ પ્રથાથી વહીવટને આગળ ધપાવવાની નીતિ ચાલે છે. જિલ્લાના ખેતીવાડી ખાતામાં મદદનીશ ખેતી નિયામકો એક જ ચેમ્બરમાં સાંકડ-માંકડ કરી બેસી અને ફરજો બજાવી રહ્યા છે. તો ચીટનીસને પણ હવે ક્યાં બેસાડવા તે મુદ્દો છે. નાયબ જિલ્લા શાસનાધિકારીને પણ ચેમ્બર નથી.

જિલ્લા પંચાયતની આંકડા શાખા આગની ઘટના પછી સહકાર શાખા સાથે બેસી કામ કરી રહી છે. અહિ સહકાર શાખાના અધિકારીની જગ્યા ચાર્જમાં હોવાથી આંકડા અધિકારી ત્યાં બેસી કામગીરી કરી રહ્યા છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ એક જ ચેમ્બરમાં છેલ્લા છ માસ કરતા વધુ સમયથી બેસી રહ્યા છે. નારાજ ઉપપ્રમુખે તો જિલ્લા પંચાયતમાં કામ સિવાય નહિ આવવાનો નિર્ણય કર્યો છે.

વિપક્ષના નેતાએ પણ તેમને ચેમ્બર ફાળવવામાં આવે તેવી માંગ કરી છે. જિલ્લા પંચાયતના નવા સંકુલ માટે જમીનની માંગણીને લઈ વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચેના મતભેદોએ જે તિરાડ ઉભી કરી છે તે પછી આ બન્ને પાંખ વચ્ચેની તિરાડ સતત મોટી થતી રહી છે. અધિકારીઓને પણ પ્રશ્નોના ઉકેલ માટે કોઈ રસ નથી રહ્યો એટલુ જ નહિ નબળા નેતૃત્વને લઈ પંચાયતમાં મુલાકાતીઓ ઘટ્યા છે.

બંગલો વેચવાનો છે
300 ચો.વા પ્લોટ રોડ ટચ, 3BHK,
ગ્રાઉન્ડ તથા ફર્સ્ટ ફ્લોર, ગાર્ડન તથા બંગલાની ત્રણ સાઈડ ખુલ્લી જમીન સાથે
૧૭, સૂર્યા સ્ટ્રીટ, સરગાસણ ચોકડી પાસે, ઉવારસદ, ગાંધીનગર.
98250 50716

ગુડા નિર્મિત ૩૩૬ આવાસોનું પ્રધાનમંત્રીએ ઈ-લોકાર્પણ કર્યું

પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે કુડાસણમાં ૨૫ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલા મકાનોની ચાવી લાભાર્થીઓને અપાઈ : વાવોલ, સરગાસણ અને પેથાપુરમાં નિર્માણ પામનારા ૨૧૦૦ આવાસોનો ડ્રો કરાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂપિયા ૨૫ કરોડથી વધુના ખર્ચે નિર્માણ કરવામાં આવેલા ૩૩૬ આવાસોનું આજરોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વડોદરા ખાતેથી ઈ- લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ આ યોજના અંતર્ગત વાવોલ, સરગાસણ અને પેથાપુર ખાતે નિર્માણ પામનાર ૨૧૦૦ આવાસોનો ડ્રો કરવામાં આવ્યો હતો.

રાયસણના સ્વર્ણિમ સાંસ્કૃતિક હોલ ખાતે યોજાયેલ સમારંભમાં ઉપસ્થિત સાસંદ હસમુખભાઈ પટેલે જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૨૪ સુધીમાં તમામ દેશવાસીઓનું ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. જે અંતર્ગત આજે ગુડા દ્વારા ત્રણેસોથી વધુ પરિવારને ગૃહ પ્રવેશ કરાવ્યો છે. આજે સમગ્ર રાજયમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧ લાખ ૪૧ હજાર આવાસોના ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ કરવામાં આવ્યા છે. તેમજ મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના અને આદિજાતિ તાલુકા માટે પોષણ સુધા યોજનાનો પણ આરંભ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારમાં કોઈ લાભાર્થીઓને ઘરના સ્વપ્ન દેખાડવામાં આવ્યા નથી. પરંતુ તેમના ઘરના ઘરના સ્વપ્નને સાકાર કરવામાં સહકાર આપ્યો છે. આજે ગાંધીનગરમાં ૩૩૬ પરિવારના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે. આગામી ટુંક સમયમાં ગાંધીનગર જિલ્લાના અન્ય ૨૧૦૦ પરિવાર પોતાના ઘરમાં ગૃહ પ્રવેશ કરશે.

મેયર હિતેષ મકવાણાએ જણાવ્યું હતું કે આ સરકારના શાસનમાં જે કામનો આરંભ થાય છે, તે કામ પણ સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું સુચારું આયોજન કરવામાં આવે છે, તેનું ઉત્તમ દષ્ટાંત આજથી દોઢ વર્ષ અગાઉ શરૂ કરવામાં આવેલા આ લોકાર્પણ થયેલ આવાસો છે. તેમણે ઘર મેળવનાર તમામ લાભાર્થીઓને ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થઈ ગયા બાદ પોતાના બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમને શિક્ષણ આપવા માટેની વાત પર પણ ભાર મુક્યો હતો. તેમજ પરિવારના સુખ

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં કોરોનાના વધુ ૪ કેસ નોંધાયા

શહેરના ગ્રામ્ય વિસ્તારમાં બે અને સેક્ટરોમાં બે કેસ : પાલજ-સરગાસણ, સે. ૨૩ અને ૨૬માંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૪ કેસ નોંધાયા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો આજે એકપણ કેસ નોંધાયો નથી. ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે. શહેરમાં કોરોનાના કેસો વધતાં હવે લોકો પણ ચિંતીત બન્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૪ કેસ નોધાયા છે જેમાં બે મહિલા અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાં બે કેસ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્યવિસ્તારમાં અને બે કેસ સેક્ટરોમાં નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા કેસોમાં યુવા દર્દીઓ છે. શહેરમાં સમાવિષ્ટ પાલજ ગામે ૨૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતી હોવાનું જાણવા મળેલ છે.

સે. ૨૩માંથી એક ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દી ગોવા ફરવા ગયાનું અને ગત ૧૨મી જૂને જ પરત ફરી હોવાનું જાણવા મળેલ છે. તેણીનીને તાવ અને અન્ય લક્ષણો જણાતાં કોરોનાનો ટેસ્ટ કરાવતાં તેણીનીનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર શહેરમાં સરગાસણ ખાતેથી ૨૧ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાન અમદાવાદ જતો હતો તેવુ જાણવા મળેલ છે. ત્રીજી લ્હેરમાં સરગાસણ સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભર્યુ હતુ. છેલ્લા બે મહિનામાં સરગાસણમાં પાંચથી વધુ કેસ નોંધાયા છે. સે. ૨૬માં એક ૩૩ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવક પણ અમદાવાદ જતો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળેલ છે. શહેરમાં નોંધાયેલા ૪ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં હાલ કોરોનાના એક્ટીવ કેસની સંખ્યા ૪૦ જેટલી છે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકાર રીતે થાય તે જોવા તાકીદ કરી છે. તંત્રએ ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા સાથે સઘન સર્વેલન્સ તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા પણ તાકીદ કરી છે.

વડાપ્રધાનશ્રીના મધ્ય ગુજરાત પ્રવાસની તસવીરી ઝલક

ગુજરાતને એક જ દિવસમાં રૂ.૨૧,૦૦૦ કરોડના વિકાસકામોની ભેટ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com